### ખંભાતના જહાજની દૂધ મંડળીના કર્મચારી સાથે થયેલી 3.32 લાખની લૂંટમાં વળાંક : ફરિયાદી યુવકની સામે જ કાર્યવાહી થતાં દવા પી લીધી

# ખંભાતની લૂંટમાં ફરિયાદીએ ઝેરી દવા પી આપઘાત કરી લીધો

**આરોપ** ફરિયાદી પર જ નાંખવા પોલીસે પજવણી કર્યાનો આક્ષેપ

(પ્રતિનિધિ) આણંદ તા.18

ખંભાતના જહાજ ગામની દૂધ મંડળીના કર્મચારી રૂ.3.32 લાખ જેવી રોકડ ખંભાતની બેંકમાંથી ઉપાડી મંડળી પર જઇ રહ્યાં હતાં. તે દરમિયાન જીતપુરાથી રામપુરા રોડ પર બાઇક પર આવેલા બે અજાણ્યા શખ્સે તેમની રોકડ ભરેલી બેંક ઝુંટવી ભાગી ગયાં હતાં. આ ઘટનામાં ફરિયાદીએ અચાનક ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. જેના ઘેરા પડઘા પડ્યાં હતાં. આ અંગે પરિવારજનોએ પોલીસે ગુનો કબુલવા ટોર્ચર કર્યાનો આક્ષેપ કર્યો હતો.



ખંભાત જહાજ ઉમિયા સોસાયટીમા રહેતા જીગ્નેશભાઇ પટેલ અને ગામના દશરથભાઇ પટેલ જહાજ મંડળીમાં દુધ ભરતા સભાસદોનો પગાર કરવાનો હોવાથી 11મી જુલાઇના રોજ ખંભાત ખાતે કેડીસી બેંકમાં ગયા હતા. જ્યાં રૂ.3.36 લાખ ઉપાડયા હતા. જે પૈકી રૂ.3.32 લાખ તેમની પાસે રહેલી વાદળી બેગમાં મુકી નિકળ્યાં હતાં. જો કે જીતપુરાથી પાસે રામપુરા જવાના રોડ પર જીગ્નેશભાઇના બાઇકની પાસે એક કાળા કલરના બાઇક પર બે ઇસમો ઝડપભેર ધસી આવ્યા હતા અને પાછળ બેઠેલા દશરથભાઇ પાસેથી બેગ ઝુંટવી રામપુરા તરફ ભાગી ગયા હતા. આ અંગે જીગ્નેશભાઇએ બે અજાણ્યા લુંટારૂઓ વિરૂધ્ધ ખંભાત રૂરલ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ નોંધાવી તપાસની માગણી કરી હતી. દરમિયાનમાં જીગ્નેશે ગુરૂવારના રોજ પોતાની વાડીમાં ઝેરી દવા પી લેતા તેને તાત્કાલિક સારવાર માટે કરમસદ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું બીજા દિવસે સવારે મૃત્યું નિપજ્યું હતું. આ ઘટનાથી પરિવારજનોમાં ભારે રોષની લાગણી જન્મી હતી.

આ અંગે પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે, જીગ્નેશ જહાજ સેવા સહકારી મંડળીમાં છેલ્લા આઠેક મહિનાથી માઇક્રો એજન્ટ તરીકે કામ કરતો હતો. જે સહકારી મંડળીના ખાતેદારોના પૈસા બેંકમાંથી ઉપાડી ગામમાં વેચતો હતો. જે પૈસા ઉપાડીને ગઇ 11મી જુલાઇના રોજ તેની સાથે લૂંટનો બનાવ બન્યો હતો. જેની ફરિયાદ ખંભાત ગ્રામ્ય પોલીસ મથકે આપી હતી. પરંતુ તપાસ અધિકારી જીગ્નેશને વારંવાર ટોર્ચરીંગ કરી અને માર મારતાં હતાં અને નિવેદન લખાવતાં હતાં. આ ટોર્ચરીંગના કારણે 17મી જુલાઇના રોજ જીગ્નેશે ઘરે જઇને પોતાના તબેલા પર હાથે ચપ્પુ મારી ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. આ રજૂઆતમાં જીગ્નેશ ઉન્દેલવાળા, અંકિત ભુવેલવાળા અને 2 પોલીસ ઈન્સ્પેક્ટર સામે આક્ષેપ કરવામાં આવ્યો છે.

### ઘટનાની તપાસ ડીવાયએસપીને સોંપાઇ છે

'જહાજ ગામના જીગ્નેશભાઈ પટેલે ઝેરી દવા પી આપઘાત કર્યો હતો. જે સંદર્ભે ખંભાત ગ્રામ્ય પોલીસ સામે આક્ષેપ કરવામાં આવ્યાં છે. આ અંગે ખંભાત નાયબ પોલીસ અધિક્ષકને તપાસ સોંપવામાં આવી છે. જ્યારે લૂંટના બનાવ સંદર્ભે પણ અન્ય પોલીસ અધિકારીને તપાસ સોંપવામાં આવશે.' **-જી. જી. જસાણી, જિલ્લા પોલીસ વડા, આણંદ.**

### ધરપકડ થાય તે પહેલા દવા પીધી

સૂત્રોના જણાવ્યાનુસાર, લૂંટ ઘટનામાં જીગ્નેશ સામે જ આંગળી ચિંધાતી હતી. બીજી તરફ ગામના જ કેટલાક આગેવાનોએ તેને સમજાવી પોલીસ મથકે લાવ્યાં હતાં. જ્યાં તેની ધરપકડ માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. પરંતુ તે પહેલા જીગ્નેશ ત્યાંથી ભાગી ગયો હતો અને દવા પી લીધી હતી.

# આણંદની પોસ્ટ ઓફિસમાં આઈટી 2.0 સોફ્ટવેરનો 22મીથી પ્રારંભ

**તમામ પોસ્ટ** ઓફિસમાં 21મીએ સાદી ટપાલ સિવાયની કામગીરી બંધ રહેશે

(પ્રતિનિધિ) આણંદ તા.18

આણંદ ડિવિઝન ખાતેની તમામ પોસ્ટ ઓફિસમાં 21મી જુલાઈના દિવસે સાદી ટપાલ સિવાયની કામગીરી બંધ રહેશે. આણંદ ડિવિઝનના સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ અશોકભાઈ જે. પરમારના જણાવ્યા મુજબ, સમગ્ર ગુજરાતની સાથે આણંદ ડિવિઝન ખાતેની તમામ ટપાલ કચેરીઓમાં આગામી 22મી જુલાઈ મંગળવારના રોજથી એડવાન્સ પોસ્ટલ ટેકનોલોજી એપ્લિકેશન 2.0 સોફ્ટવેરનો પ્રારંભ કરવામાં આવશે.

આણંદ ડિવિઝન સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ અશોકભાઈ પરમારે વધુમાં જણાવ્યું હતું કે, તારીખ 21મી જુલાઈના રોજ આણંદ ડિવિઝન ખાતેની તમામ ટપાલ કચેરીઓ ખાતે સાદી ટપાલ સિવાય કોઈપણ ટ્રાન્જેક્શન એટલે કે નાણાકીય લેવડ દેવડ કરવામાં આવશે નહીં, જે કામગીરી બંધ રહેશે. આ ઉપરાંત અધ્યતન એડવાન્સ પોસ્ટલ ટેકનોલોજી એપ્લિકેશન નું રોલ આઉટ કરવાથી ડિજિટલ ક્ષેત્રની અને રાષ્ટ્રીય નિર્માણની યાત્રામાં એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન્સ સુધી લઈ જશે. આ નવી પહેલના ભાગરૂપે નવી સિસ્ટમ તા.22મી જુલાઈના રોજથી આણંદ ડિવિઝનમાં અમલમાં આવશે. આ આધુનિક ડિજિટલ પ્લેટફોર્મ પર સરળ અને સુરક્ષિત સ્થાનાંતર સુનિશ્ચિત કરવા માટે તારીખ 21મી જુલાઈના રોજ ડાઉન ટાઈમ નક્કી કરાયો છે.

# ખંભાત મેમુમાં 4.16 લાખની મત્તા ભરેલું પાકીટ ચોરાયું

**આણંદ** રેલવે સ્ટેશન પર ચોરોથી સાવચેત રહેવુ સલામતી ભર્યુ

(પ્રતિનિધિ) આણંદ, તા.18

આણંદથી ખંભાત મેમુમાં જઇ રહેલી મુંબઇની મહિલા ચાલુ ટ્રેનમાં ચોરીની ઘટનાનો શિકાર બની હતી.

આણંદથી ખંભાત મેમુમાં જઇ રહેલા મુંબઇની મહિલા સાથે ચોરીની ઘટના ઘટી છે. મહિલાને મુંબઇથી લગ્ન પ્રસંગ નિમીત્તે મુળ વતન ખંભાત આવવાનું થતા 2જી જુલાઇના રોજ મહિલા સૌરાષ્ટ્ર મેઇલ એક્સપ્રેસ મારફતે આણંદ સ્ટેશને ઉતર્યા હતા. સવારે 05 વાગ્યાના આણંદ - ખંભાત મેમુમાં મુસાફરી શરૂ કરી હતી. પરોઢિયાનો સમય હોય મહિલાને ઉંઘ આવી ગઇ હતી. જો કે સવારે 05-30 કલાકે પેટલાદ સ્ટેશન આવતા જ મહિલાની ઉંઘ ખુલી હતી ત્યારે લાઇટ મરૂન કલરનું લેડીઝ પર્સ ગાયબ હતું. આ પર્સમાં સોના-ચાંદીના કિંમતી દાગીના, આઇફોન, કાંડા ઘડિયાળ સહિત કુલ 4.16 લાખની મત્તા ભરેલી હતી. જે ચોરી કરી ગઠીયો નાશી ગયો હતો. આ અંગે મહિલા પન્નાબેન કમલેશકુમાર પટેલે આણંદ રેલવે પોલીસમાં ચોરી અંગેની ફરીયાદ નોંધાવી હતી.

### ઉમરેઠમાં ગોપાલ લાલજી મહારાજ મંદિરના મહંત દેવલોક પામ્યાં



ઉમરેઠની થામણા ચોકડી પર આવેલા ગોપાલ લાલજી મહારાજ મંદિરના મહંત 108 ચક્રસુદર્શન દાસજી મહારાજ દેવલોક પામતા મોટી સંખ્યામાં સંતો મહંતો, ભક્તોની ઉપસ્થિતિમાં તેમના અંતિમ દર્શન માટે નગર યાત્રા કાઢવામાં આવી હતી. આ નગર યાત્રા સમયે ઠેર ઠેર ભક્તો દ્વારા મહંત ચક્રસુદર્શન દાસજી મહારાજના અંતિમ દર્શન કર્યાં હતાં. નગર યાત્રા બાદ અખાડાના નિયમોનુસાર અંતિમવિધિ કરવામાં આવી હતી. ગોપાલ લાલજી મહારાજ મંદિર અખિલ ભારતીય પંચ રામાનંદી અખાડાના વૈષ્ણ સંપ્રદાય ડાકોરથી સંબંધિત છે. તેમના અંતિમ દર્શન માટે મોટી સંખ્યામાં સંતો - મહંતો ઉમટી પડ્યાં હતાં. **તસવીર : ધનંજય શુક્લ**

# કઠલાલના યુવક સાથે 1.46 લાખની છેતરપિંડી

(પ્રતિનિધિ) કઠલાલ તા.18

કઠલાલના સંજયભાઇ દિનેશભાઇ થોરી સાથે કુલ રૂ.1,46,963ની છેતરપિંડી થઇ હતી. સંજયભાઇએ સૌપ્રથમ ઓનલાઇન બે કિલો મસલ ગ્રેઇન પ્રોટીન પાવડરનો કેસ ઓન ડિલીવરી ઓર્ડર કર્યો હતો. જો કે સંજયભાઇને જાળમાં ફસાવવા યુવતીએ જીએનસી કંપનીના મેનેજર તરીકે ઓળખ આપી કંપનીએ કેસઓન ડિલીવરી ઓર્ડર બંધ કર્યો હોવાનું દુપ્પલ ચલાવ્યું હતું અને ઓનલાઇન ઓર્ડર પર રૂ.100 ઓછા ભરવા પડશે અને એક કલાકમાં ઘેરબેઠા ઓર્ડર મળી જશે. તે પ્રકારની લાલચ બતાવી હતી. ઠગબાજે સૌમ્યા જોશીના નામનું સ્કેનર મોકલ્યુ હતુ. જેમા સંજયભાઇએ રૂ.3199- નાખતા પેમેન્ટ આઇડી મેચ નથી થતી તેમ કહી રીફંડ આપવાના બહાને સંજયભાઇ પાસે પેટીએમમાં એકાઉન્ટ નંબર એડ કરાવ્યો હતો તે સાથે કુલ 1,46,963ની છેતરપિંડી કરી હતી અને પૈસા પડાવી પૈસાનું રીફંડ કે વસ્તુ પહોચાડી ન હતી. આ અંગે સંજયભાઇએ કઠલાલ પોલીસ સ્ટેશનમાં છેતરામણી અંગેની ફરીયાદ નોંધાવી હતી.

# કાંધરોટી-દિવેલમાં ચિટ્ઠી ઉછાળીને ઉપસરપંચ નિયુક્ત, ધોબીકુઈમાં મોકૂફ

**બોરસદ** તાલુકાના 19 ગામની ઉપસરપંચમાં 8 ગામમાં બિનહરીફ

(પ્રતિનિધિ) બોરસદ તા 18

બોરસદ તાલુકા વિકાસ અધિકારી દ્વારા ઉપસરપંચ ચુંટણી સંદર્ભ બે દિવસીય કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હતો.. પ્રથમ સભા માટે અધ્યાસી અધિકારીઓની ઉપસ્થિતિમાં ઉપસરપંચ માટે ચુંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. નિયત થયેલા કાર્યક્રમ મુજબ વિવિધ



ગામોમાં નિયુક્ત અધિકારી ઉપસ્થિત રહીને સંબંધિત ગામમાં પ્રથમ બેઠકનુ આયોજન કરીને ઉપ સરપંચ માટે ચુંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. નિયુક્ત થયેલા અધિકારી નિશ્ચિત થયેલ સમયે ઉપસરપંચ ચુંટણીની કામગીરી માટે જરૂરી પ્રક્રિયા પંચાયત અધિનિયમ હેઠળ હાથ ધરી હતી. 19મી જુલાઈના રોજ વાસણા રાસ, નાની શેરડી બોચાસણ, ઉનેલી, વાસણા બોરસદ, વાછીયેલ ડાલી રણોલી, ધોબીકુઈ દાવોલ કિંખલોડ કાંધરોટી ગોરેલ અમિયાદ દિવેલ ધનાવશી કઠોલ ઉમલાવ અને હરખાપુરા ગામમાં ચુંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ 19 ગામમાં આયોજિત ચુંટણી પ્રક્રિયા દરમિયાન આઠ ગામોમાં ઉપસરપંચ માટે માત્ર એક એક જ ઉમેદવારી પત્ર રજૂ થયું હોવાથી બિનહરીફ જાહેર કરવામાં આવ્યા છે. અન્ય 10 ગામમાં હરિફ ઉમેદવાર હોવાથી ચુંટણી પ્રક્રિયા નિયમાનુસાર કરવામાં આવી હતી. આ 10 ગામ પૈકી કાંધરોટી અને દિવેલ ગામમાં હરિફ ઉમેદવારોને ચાર ચાર મત મળતાં ચિઠ્ઠી ઉછાળવામાં આવી હતી. ચિઠ્ઠી ઉછાળીને આ બન્ને ગામમાં વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જ્યારે ધોબીકુઈ ગામમાં માત્ર એક ઉમેદવારી પત્ર રજૂ થયું હતું પરંતુ દરખાસ્ત કરનારની સહી નાં હોવાથી ચુંટણી પ્રક્રિયા મોકુફ રાખવામાં આવી હતી.

# ઉમરેઠમાં રહસ્યમય રીતે બે મોટરસાઈકલ સળગી

(પ્રતિનિધિ) ઉમરેઠ, તા.18

ઉમરેઠમાં મોડીરાત્રે બે મોટરસાઈકલ સળગી હતી. જેમાં મોટરસાઈકલ માલિકને શંકા છે કે કોઈ અજાણ્યા ઈસમો રાત્રે આવીને બંને મોટરસાઈકલ સળગાવીને ભાગી ગયા છે.

ઉમરેઠમાં મોડી રાત્રે ધડાકાના અવાજ અને ધુમાડાના ગોટેગોટા ઘરોમાં જતા લોકો જાગી ગયા અને બાઈક સળગતા જોઈને તેને ઓળવવાના પ્રયાસમાં લાગી ગયા છે. ઉમરેઠના અંતરિયાળ વિસ્તારમાં બે મોટરસાઈકલ સળગતા આસપાસના ઘરોને પણ વ્યાપક નુકશાન થાત પરંતુ આસપાસ રહેતા પાડોશીઓની જાગૃતતાને કારણે સમયસર આગ કાબૂમાં લઈ લેવાઈ છે. આ બન્ને બાઈક દુષ્યંત ધોબી અને આશિષ ધોબીના નામે હતાં. બંને મોટરસાઈકલ માલિક દ્વારા ઉમરેઠ પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ અપાઈ છે અને પોલીસ દ્વારા આસપાસના સીસી ટીવી કેમેરા દ્વારા રાતના ફૂટેજ મેળવવાની કાયદેસરની પ્રક્રિયા હાથ ધરી છે. એવું લાગી રહ્યું છે કે જે તે વ્યક્તિ આ રીતે અડધી રાત્રે મોટરસાઈકલ સળગાવીને મોટું નુકશાન કરવા માંગતા હોવાની શંકા ઉપજી હતી.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ખેડા સ્વામિનારાયણ ગાદી સંસ્થાનમાં ધૂન, ભજન, કિર્તન સહિતના ધાર્મિક કાર્યક્રમ યોજાયાં



**ખેડા |** સ્વામિનારાયણ ગાદી સંસ્થાન અમદાવાદ મણીનગર સંચાલિત સ્વામિનારાયણ મંદિર ખેડા ધામમાં ચાતુર્માસના પવિત્ર પ્રસંગે મુક્તજીવન સ્વામી બાપા પ્રાગટ્ય ધામમાં સ્વામિનારાયણ ગાદી સંસ્થાન મંડળના ભાઈઓ - બહેનો ભેગા મળીને ભગવાન બાપા સ્વામી બાપાને રાજી કરવા માટે સ્વામિનારાયણ ધૂન, ભજન, કીર્તનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભગવાન સ્વામિનારાયણે સ્વયં લખેલી શિક્ષાપત્રીને 200 વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. ખેડા પ્રાગટ્ય ધામમાં અમદાવાદ તથા અન્ય ગામના બહેનોએ સ્વામીબાપાને રાજી રાખવા કાર્યક્રમનુ આયોજન કર્યું હતું. અંતમાં શિક્ષાપત્રીને સંતો સહીત સૌ હરિભક્તોએ પુષ્પોથી વધાવી હતી.સમગ્ર આયોજન ખેડા મંદિરના મહંત નિર્માણપ્રિયદાસજી સ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદ આર્ટ્સ કોલેજમાં નવપ્રવેશિત વિદ્યાર્થીઓનો અભિમુખતા કાર્યક્રમ યોજાયો



**આણંદ |** રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ આર્ટ્સ કોલેજ ખાતે પ્રથમ વર્ષમાં નવો પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓને કોલેજના શૈક્ષણિક, સહ શૈક્ષણિક તેમજ સંસ્થકિય માળખાની સમજ આપવા માટે અભિમુખતા કાર્યક્રમનું આયોજન સંસ્થાના પ્રાંગણમાં જ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અંગ્રેજી વિભાગના અધ્યાપક ડો. કૃપા શાહે પ્રાર્થનાથી કરી હતી. જ્યારે અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડો. સુરેશ ગઢવીએ મહેમાનોનું અને વિદ્યાર્થીઓનું શબ્દોથી સ્વાગત કરી, આઈક્યુએસી કમિટી વિશે પ્રાથમિક સમજ આપી હતી. આ દીક્ષારંભ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે હાજર નલિની આર્ટ્સ કોલેજના આચાર્ય ડો. બી. આર. પરમારને કોલેજના આચાર્ય ડો. મનોજ પટેલે આવકાર્યા હતાં અને કાયમી આચાર્ય થવા બદલ સન્માન કર્યું હતું.

### કપડવંજની હાઇસ્કુલમાં સાયબર ફ્રોડ તથા મહિલા સુરક્ષા અંગે માર્ગદર્શન અપાયું



**કપડવંજ |** કપડવંજની શેઠ એમપી મ્યુનિસિપલ હાઈસ્કૂલમાં ગુજરાત પોલીસ દ્વારા સાઇબર ફ્રોડ તેમજ મહિલા સુરક્ષા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમાં મહિલાઓની સુરક્ષા જેવી કે જાતીય સતામણી, છેડતી લગ્ન જીવનનો ભંગાણમાં સુરક્ષા કેવી રીતે કરવી ? તે અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય જતીનભાઈ પટેલ, સુપરવાઇઝર કિરીટભાઈ પટેલ, બ્રિજેશભાઈ પટેલ, શૈલેષભાઈ ઝાલા તેમજ શૈલેષભાઈ સોની ઉપસ્થિત થયા હતા. સુરક્ષા સેતુ રથના કર્મચારી દવે પ્રિતેશભાઈ, પ્રતિકભાઇ પંડ્યા, હિમાંશુભાઈ, વિજેન્દ્રસિંહ સુરક્ષા સેતુ રથની પૂરી ટીમ તેમજ કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશનના મુકેશભાઈ કિરણભાઈ તેમજ નિલેશભાઈ ઉપસ્થિત રહ્યાં હતાં.

### કપડવંજની જીવનશિલ્પ પ્રાયમરી સ્કૂલમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી



**કપડવંજ |** જીવનશિલ્પ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત જીવનશિલ્પ પ્રાયમરી સ્કૂલમાં ભારત વિકાસ પરિષદ આયોજીત 'ગુરુવંદન છાત્ર અભિનંદન' કાર્યક્રમ હેઠળ ગુરુપૂર્ણિમાની ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પણ જીવનમાં પોતાને સાચી રાહ બતાવનારા પોતાના ગુરુઓનું એટલે કે શિક્ષકોનું કુમકુમથી તિલક ચાંદલો કરીને પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થામાંથી ટ્રસ્ટી ગણ તથા શાળાના ડાયરેક્ટર સિદ્ધાર્થ પટેલ તેમજ ભારત વિકાસ પરિષદ કપડવંજ શાખા માંથી ગોપાલભાઈ શાહ, સુરેશભાઈ પારેખ અને ગોપાલભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. જે પૈકી ગોપાલભાઈ શાહ દ્વારા બાળકોને ગુરુ - શિષ્ય પરંપરાના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતું પ્રેરણાદાયી વક્તવ્ય આપીને બાળકોને મૂલ્યનિષ્ઠ અને કર્મનિષ્ઠ બનવાની વાત કરી હતી.

### ખેડાના ગોબલજ ગામમાં નવીન દૂધ મંડળીનુ સાંસદના હસ્તે લોકાર્પણ કરાયું



**ખેડા |** ખેડા તાલુકાના ગોબલજ ગામમાં દૂધ ઉત્પાદકોને વધુ સારી વ્યવસ્થા મળી રહે તે માટે ગોબલજ ખાતે અંદાજિત રૂ. 22 લાખના ખર્ચે દૂધ મંડળીનુ મકાન બનાવવામાં આવ્યું હતું. આ નવા મકાનના નિર્માણથી સ્થાનિક દૂધ ઉત્પાદકોને સારી સુવિધાઓ મળશે સાથે તેમની આર્થિક વૃદ્ધિમાં પણ વધારો થશે. જેનું લોકાર્પણ ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ, ગોબલજ દૂધ મંડળીના ચેરમેન રમેશભાઈ ઝાલા સહિત મોટી દૂધ મંડળીના સભ્યો હાજર રહ્યાં હતાં.

### ખેડા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા આંતરરાષ્ટ્રીય ન્યાય દિન ઉજવાયો




**નડિયાદ |** ખેડા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ એન. એ. અંજારીયાનાં નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ તાલુકા કાનૂની સેવા સમિતિ, સિનિયર સિવિલ કોર્ટ નડીઆદનાં ચેરમેન અને પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ આર એન. પટેલ દ્વારા નિયમિતરૂપે કાનૂની જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેનાં ભાગરૂપે મહિલા પોલીસ સ્ટેશન અને શી ટીમની સાથે આંતરરાષ્ટ્રીય ન્યાય દિન અંતર્ગત નડીઆદ સ્થિત વિનાયકા કોલેજ ખાતે અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ માટે એક વિશેષ કાનૂની જનજાગૃતિ અને મહિલા સુરક્ષા માટે સ્વરક્ષા તકનીક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપાચાર્ય ભાવનાબહેન ક્રિશ્ચિયન, મહિલ પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર તથા તેમની ટીમ દ્વારા વિદ્યાર્થિનીઓને માહિતગાર કર્યાં હતાં.

### આણંદની પીએમ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ટેક્નો.નો ઓરિયન્ટેશન પ્રોગ્રામ યોજાયો

**આણંદ |** આણંદની પીપલ્સ મેડિકેર સોસાયટી સંચાલિત પીએમ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ટેક્નોલોજી- આણંદ ખાતે નવા શૈક્ષણિક વર્ષ સાથે બીસીએ, એમએસસી આઇટી, પીજીડીસીએએ અને બીએસસી સીએ એન્ડ આઇટીમાં એડમિશન લેનાર સ્ટુડન્ટ્સનો આવકાર - ઓરિયન્ટેશન પ્રોગ્રામ ઓડિટોરિયમ ખાતે યોજાયો હતો. એપીએમએસના વાઈસ પ્રેસિડેન્ટ અને સીઇઓ ડો. પાર્થ બી. પટેલ તથા સેક્રેટરી અને રજિસ્ટ્રાર ડો.ઈશિતાબેન પી. પટેલએ સંસ્થાનો પરિચય કરાવતા આ કેમ્પસની વિવિધ પ્રવૃત્તિઓ વિષે જણાવી નવા વિદ્યાર્થીઓનું અભિવાદન કરી આવકાર આપ્યો હતો. તમામ નવા વિદ્યાર્થીઓને સંસ્થાના પ્રમુખ બિપીનચંદ્ર પી. પટેલ (વકીલ) અને પ્રિ. (ડો.) રવિ પટેલએ શુભેચ્છા પાઠવી છે.

